ધર્મ- સંસ્થાપકો
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મ-સંસ્થાપકો

સંપાદક
મુકુલભાઈ કલાર્થી

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या ..... ४३१ / ६०

पञ्जिका संख्या ३०६३८

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ પુ૦-૮૪

ધર્મ-સંસ્થાપકો

CHECKED 1973
Initial

સંપાદક
મુકુલભાઈ કલાર્થી

ચેક્ડ ૧૯૭૩ ૧૧-૧૦-૧૦-૬

जेहिके जेहि पर सत्य सनेहू ।
सो तेहि मिलत न कछु सन्देहू ।।
— तुलसीदास

પ્રકાશક

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪
મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

સર્વ હક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે.

પહેલી આવૃત્તિ, પ્રત ૫,૦૦૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ–૧૪

છ આના
૩૭ નવા પૈસા

એપ્રિલ, ૧૯૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

વિદ્યાપીઠના સેવકોએ લખેલા લેખોમાંથી આ સંગ્રહનું સંપાદન કરવામાં આવ્યું છે. પુસ્તિકાની મર્યાદા ૪૮ પાનની રાખી હોવાથી, તેની જરૂર પ્રમાણે, સદરહુ લેખોને કુશળ સંપાદકે ટૂંકાવી લીધા છે, એટલો ફેરફાર કર્યાનું નોંધવું જોઈએ.

દુનિયાના કેટલાક મુખ્ય ધર્મોના સંસ્થાપકોની જીવનકથા આ પુસ્તકમાંથી મળી જશે. તે વાટે સામાન્ય વાચકને તે ધર્મોનો પણ આછો પરિચય થશે. હિંદ જેવા દેશમાં જ્યાં અનેક ધર્મો એક સાથે હળીમળીને રહે એવી ઉદાર પરંપરા ચાલુ છે, ત્યાં આ જાતનો સર્વધર્મસમભાવ કેળવવાની ખાસ જરૂર છે. આ ચોપડી તે કામમાં, ધર્મોની સામાન્ય માહિતી આપવા દ્વારા, મદદરૂપ થશે માનું છું.

૧૮–૪–'૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રકાશકનું નિવેદન ૩

૧. ભગવાન બુદ્ધ ૫

૨. ચોવીસમા તીર્થંકર મહાવીર ૧૩

૩. હજરત મહંમદ પેગંબર ૨૦

૪. ભગવાન ઈશુ ખ્રિસ્ત ૩૪

૫. અષો જરથુષ્ટ્ર ૩૯

૬. મહાત્મા કોન્ફ્યુશિયસ ૪૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

ભગવાન બુદ્ધ

૧

ઈસવી સન પૂર્વે છઠ્ઠા સૈકામાં હિમાલયની તળેટીમાં કેટલાંક પ્રજાસત્તાક રાજ્યો હતાં. તેમાં શાક્ય નામના ક્ષત્રિયોનું રાજ્ય હતું. તેમની રાજધાનીનું નામ કપિલવસ્તુ હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કપિલવસ્તુમાં શુદ્ધોદન નામે શાકય રાજા રાજ્ય કરતો હતો. તેને ત્યાં પુત્રનો જન્મ થયો, ત્યારે એવું ભવિષ્ય ભાખવામાં આવ્યું હતું કે, 'જો તે ગૃહસ્થાશ્રમી થશે તો ચક્રવર્તી રાજા થશે; અને જો તે સંન્યાસી થશે તો બુદ્ધ થઈને જગતનું અજ્ઞાન દૂર કરશે.'

તે પુત્રનું નામ સિદ્ધાર્થ પાડવામાં આવ્યું.

રાજાએ નાનપણથી જ તે કુમારને ભોગવિલાસમાં ઉછેરવા માંડયો, જેથી તેને સંન્યાસી થવાનું મન જ ન થાય. તેને જોઈતી સર્વ વસ્તુઓ તેને ઘરમાં જ પૂરી પાડવામાં આવતી હતી, જેથી તેને બહાર જવાનું જ ન રહે. તે મોટો થયો ત્યારે યશોધરા નામની રાજકુમારી સાથે તેનું લગ્ન કરવામાં આવ્યું.

૨૯ વર્ષની ઉંમર થતાં, એક વખત સિદ્ધાર્થ કુમારને રાજધાની જોવાનું અને નગર બહાર બગીચામાં ફરવા જવાનું મન થયું. તેથી રથમાં બેસી તે પોતાના સારથિ સાથે નીકળ્યા.

રસ્તામાં ઘડપણથી વાંકો વળી ગયેલો એક માણસ સિદ્ધાર્થના જોવામાં આવ્યો. તેને જોઈ તેમણે સારથિને પૂછયું: "પેલું સામે જે પ્રાણી જાય છે, તે મનુષ્ય છે કે કોણ છે? એના વાળ આવા ધોળા કેમ છે? તેને દાંત નથી કે શું? તેની આંખો આવી ઊંડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેમ ઊતરી ગઈ છે? તથા તે પીઠેથી વાંકા કેમ વળી ગયેા છે? અને ચાલતી વખતે આટલેા ધ્રૂજે છે કેમ?"

સારથિએ કહ્યું: "હે કુમાર, એ બીજું કેાઈ પ્રાણી નથી, પરંતુ માણસ જ છે. વૃદ્ધાવસ્થાને લીધે તેની આવી દશા થઈ છે. જ્યારે તે જુવાન હતેા, ત્યારે તેના વાળ આપના જેવા જ કાળા હતા, તથા તેણે રણસંગ્રામમાં ઘણા યેાદ્ધાઓને હરાવ્યા હતા. ઘડપણમાં સઘળાં મનુષ્યેાની આવી જ દશા થાય છે."

આ સાંભળી સિદ્ધાર્થને ફરવા જવાનું મન ન થયું. તેમણે સારથિને કહ્યું: "તું રથ પાછેા વાળ."

ઘેર જઈને તેમને વિચાર આવવા લાગ્યેા કે, "જો છેવટે મારા જુવાન શરીરની વૃદ્ધાવસ્થાને લીધે પેલાના જેવી જ દુર્દશા થવાની હેાય, તેા આ બધાં સુખેા ભેાગવવાં શા કામનાં?"

ઘણા વખત પછી સિદ્ધાર્થ કુમાર બગીચામાં જવા માટે રથમાં બેસીને પાછા નીકળ્યા. આ વખતે રસ્તામાં એક રેાગી માણસ તેમને સામેા મળ્યેા. તેને જોઈ કુમારે પૂછ્યું: "ભાઈ, આ માણસ વળી કેાણ છે? પેલા વૃદ્ધની પેઠે તેના વાળ ધેાળા થયા નથી, કે તેના દાંત પણ પડચા નથી. છતાં આ તેા તેના કરતાં પણ વધારે અશક્ત દેખાય છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારથિએ કહ્યું : "કુમાર, એ માણસને રોગ થયેલો છે. તેથી તે વૃદ્ધના કરતાં પણ વધુ અશક્ત દેખાય છે. જુવાન શરીર પણ, વ્યાધિના પંજામાં સપડાતાં, આમ ખખળી જાય છે."

તે દિવસે પણ સિદ્ધાર્થ કુમારે માર્ગમાંથી જ રથ પાછો ફેરવાવ્યો. તેમને મન રાજમહેલનાં સર્વ સુખો હવે પહેલાં કરતાં પણ વધારે ખારાં થઈ ગયાં.

થોડા વખત બાદ તે ફરીથી એક વાર રથમાં બેસીને નીકળ્યા. તે વખતે એક જગાએ મડદું સુવાડેલું તેમના જોવામાં આવ્યું. તેની આજુબાજુ કેટલાક માણસો રડતા રડતા તેને માટે ઠાઠડી તૈયાર કરતા હતા. સિદ્ધાર્થે સારથિને પૂછ્યું : "આ માણસ આમ આંખો મીંચી, લાકડાની પેઠે જડ થઈને કેમ પડ્યો છે? આ બધા માણસો રડતા રડતા આ શું કરે છે?"

સારથિએ કહ્યું : "આ માણસ મરી ગયો છે; હવે તે ફરીથી આંખ ઉઘાડી શકશે નહિ, કે હાલી-ચાલી શકશે નહિ. તેનું શરીર હવે થોડા વખત બાદ સડી જશે તથા ગંધાવા લાગશે. તેથી આ માણસો ઠાઠડી તૈયાર કરી, તેના ઉપર એને બાંધીને સ્મશાનમાં લઈ જશે અને તેને બાળી કે દાટી દેશે. દરેક માણસને એક વાર એ પ્રમાણે મરવાનું જ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સાંભળીને તો કુમાર બહુ જ વિચારમાં પડી ગયા, અને તેમણે રથ ઘર તરફ પાછો ફેરવાવ્યો.

કુમારને વિચાર આવવા લાગ્યો કે, 'અંતે જો વ્યાધિથી રિબાઈને કે વૃદ્ધાવસ્થામાં સપડાઈને માણસે આ પ્રમાણે જ મરી જવાનું છે, તો પછી સુખ માટેના આ બધા પ્રયત્નો તથા તેને માટેના આ બધા કજિયા શા કામના છે? માણસે તો આ સંસારની દુઃખપરંપરામાંથી નીકળી જવું જોઈએ; અને જેનો કશાથી નાશ જ ન થાય એવું સુખ પ્રાપ્ત કરવા મથવું જોઈએ.'

થોડા વખત બાદ કુમાર ફરીથી બગીચામાં જવા નીકળ્યા. આ વખતે રસ્તામાં, ભગવાં વસ્ત્ર પહેરી, ઝાડની નીચે બેઠેલા એક સાધુને તેમણે જોયો. તેને જોઈ સિદ્ધાર્થે સારથિને પૂછ્યું: "આ માણસ કોણ છે? તથા તેણે આવાં વસ્ત્ર કેમ પહેર્યાં છે?"

સારથિએ કહ્યું: "કુમાર, એ માણસ ઘરબાર છોડીને સાધુ થયો છે. જગતનાં સૌ સુખો ઉપર તેને વૈરાગ્ય આવ્યો છે, તેથી તેમનો ત્યાગ કરી તે સાચું મોક્ષસુખ પ્રાપ્ત કરવા માટે આ પ્રમાણે સંન્યાસી બન્યો છે. ઘણા વિચારવંત મનુષ્યો, સંસારનાં સુખોમાં બંધાઈ રહેવાને બદલે, સાચું સુખ શોધવાને અર્થે, આ પ્રમાણે સાધુ થાય છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સાંભળી સિદ્ધાર્થ કુમારને મનમાં વિચાર આવ્યો : "હું પણ આ પ્રમાણે આ બધાં તુચ્છ સુખોમાં બંધાઈ રહેવાને બદલે, સાચું મોક્ષસુખ શોધવા માટે સાધુ થાઉં, તો કેવું સારું!" એમ વિચાર કરતા કરતા સિદ્ધાર્થ કુમાર પોતાને મહેલ પાછા ફર્યા. ત્યાં જ તેમને સમાચાર મળ્યા કે, તેમની પત્ની યશોધરાએ પુત્રને જન્મ આપ્યો છે.

૨

સિદ્ધાર્થના પિતાએ પૌત્રજન્મને કારણે મોટો ઉત્સવ કરાવ્યો. પરંતુ સિદ્ધાર્થને વિચાર આવવા લાગ્યો કે, આ બધાં સુખોનું પરિણામ અંતે દુઃખમાં જ આવે છે. મારે તો એવું શાશ્વત સુખ શોધવું છે, જેથી મને તેમ જ આખી મનુષ્યજાતિને દુઃખી થવાપણું ન રહે.'

તે જ રાત્રે, ઉત્સવની ધમાલથી થાકીને બધાં ઊંઘી જાય ત્યારે, મહેલ છોડીને નીકળી જવાનો સિદ્ધાર્થે વિચાર કર્યો.

રાત્રે જતા પહેલાં પોતાના નવા જન્મેલા પુત્ર રાહુલનું મોં જોવાનો વિચાર કુમારના મનમાં વારંવાર આવવા લાગ્યો; અને તે યશોધરાના ઓરડા સુધી ગયા પણ ખરા. પરંતુ પુત્ર યશોધરાની સોડમાં હોવાથી તેનું મોં જોઈ શકાયું નહિ. વધુ નજીક જતાં યશોધરા કદાચ જાગી ઊઠે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પછી પોતાનું જવાનું બંધ રહે એ બીકે, છેવટે પુત્રનું મોં જોયા વિના જ કુમારે ઘર છોડ્યું.

માનવજાતિનાં દુઃખનો ઉપાય શોધવાને રાજકુમાર સિદ્ધાર્થે કરેલો એ ગૃહત્યાગ 'મહાભિનિષ્ક્રમણ' નામે ઓળખાય છે.

૩

ગૃહત્યાગ બાદ સિદ્ધાર્થે તે વખતના જાણીતા ધર્માચાર્યો પાસે જઈને તેમના બતાવ્યા મુજબ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો તેમ જ ઘોર તપસ્યા આદરી. પરંતુ એમ કરવાથી તેમને જીવનનું સત્ય જડ્યું નહીં. પછી તેમણે એ ઘોર તપસ્યાનો માર્ગ છોડી દઈ, મધ્યમ માર્ગ અપનાવ્યો. તેમ કરતાં કરતાં એક દિવસે તે એક પીપળાના ઝાડ નીચે બેઠા હતા, ત્યારે તેમને જ્ઞાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયું. એ જ્ઞાન 'સંબોધિ' નામે ઓળખાયું; અને જે પીપળાના ઝાડની નીચે સિદ્ધાર્થને જ્ઞાનનો પ્રકાશ મળ્યો તે 'બોધિવૃક્ષ' કહેવાયું. સિદ્ધાર્થ જ્ઞાન મળ્યા પછી 'બુદ્ધ' નામે જાણીતા થયા.

જ્ઞાન પ્રાપ્ત કરીને ભગવાન બુદ્ધ બધે ઉપદેશ આપતા ફરવા લાગ્યા. ઘણા લોકો તેમનો ઉપદેશ સાંભળી તેમના અનુયાયી બન્યા. બુદ્ધે પોતાના ભિક્ષુઓને ચારે દિશામાં આ માર્ગનો ઉપદેશ કરવા મોકલ્યા.

ભગવાન બુદ્ધે સતત ૪૫ વરસ સુધી અનેક લોકોને ધર્મનો ઉપદેશ આપ્યો. છેવટે તેઓ ૮૦ મે વર્ષે કુસિનારામાં* પરિનિર્વાણ પામ્યા.

બૌદ્ધ ધર્મના ઘણા ગ્રંથો પાલિ ભાષામાં લખાયેલા છે. એમાં 'ધમ્મપદ' એ તો બૌદ્ધ ધર્મની ગીતા સમાન મનાય છે.

આપણા ભારત દેશની બહાર ચીન, જાપાન, બ્રહ્મદેશ, સિલોન વગેરે દેશોમાં પણ બૌદ્ધ ધર્મ ફેલાયો.

આપણા દેશમાં પ્રિયદર્શી અશોકે પણ તે ધર્મ સ્વીકાર્યો હતો. તેણે એ ધર્મનો ઉપદેશ દેશમાં ચોતરફ મોટી મોટી શિલાઓ અને સ્તંભો ઉપર કોતરાવ્યો હતો. એવો એક શિલાલેખ સૌરાષ્ટ્રમાં ગિરનાર પાસે આવેલો છે.

* આ સ્થળ ગોરખપુર જિલ્લામાં આવેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

ચોવીસમા તીર્થંકર મહાવીર



૧

હિંદુ ધર્મમાં ભગવાનના રામ, કૃષ્ણ વગેરે ચોવીસ અવતારોની માન્યતા છે. તેવી રીતે જૈન ધર્મમાં ચોવીસ તીર્થંકરોની માન્યતા છે. સંસ્કૃતમાં 'તીર્થ' એટલે નદી કે તળાવમાં ઊતરવા માટે કરેલો ઓવારો; અને 'કર' એટલે કરનાર. નદી કે તળાવમાં સહેલાઈથી ઊતરી શકાય તે માટે જેમ ઓવારાની જરૂર પડે છે, તેમ સાચો ધર્મ શો છે તેની સમજ મળે તે માટે અનુભવી પુરુષોના ઉપદેશની જરૂર પડે છે. તેથી સાચા ધર્મની સમજ આપનાર મહાપુરુષોને 'તીર્થંકર' કહેવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જૈન ધર્મનો ઉપદેશ આપનાર તેવા ચોવીસ તીર્થંકર થઈ ગયા છે, એમ માનવામાં આવે છે. તેમાંના પ્રથમ તીર્થંકર ઋષભદેવને તો જૈન નહિ એવા હિંદુઓ પણ ચોવીસ અવતારોમાંના એક અવતાર માને છે.

મહાવીરને ચોવીસ તીર્થંકરોમાંના છેલ્લા તીર્થંકર માનવામાં આવે છે. બૌદ્ધ ધર્મના સ્થાપનાર ગૌતમ બુદ્ધ જે અરસામાં થઈ ગયા, તે જ અરસામાં મહાવીર પણ થઈ ગયા.

સામાન્ય રીતે આપણે એમ માનીએ છીએ કે, ધર્મગુરુ તો બ્રાહ્મણ જ હોય. પરંતુ ગૌતમ બુદ્ધ તેમ જ મહાવીર બંને ઇક્ષ્વાકુ વંશના ક્ષત્રિયો હતા તથા રાજપુત્રો હતા. ગૌતમ બુદ્ધ નેપાળની તળેટીમાં રહેતા શાક્ય નામના ક્ષત્રિયોના કુળમાં જન્મ્યા હતા; અને મહાવીર પટણાથી ૨૭ માઈલ ઉત્તરે આવેલા વૈશાલિ નગરની પાસેના પરામાં રહેતા જ્ઞાત નામના ક્ષત્રિયોના કુળમાં જન્મ્યા હતા. મહાવીરના પિતાનું નામ સિદ્ધાર્થ હતું અને તેમની માતાનું નામ ત્રિશલા હતું.

મહાવીરનું નાનપણનું નામ વર્ધમાન હતું. નાનપણથી જ તે પરાક્રમપ્રિય તથા નિર્ભય હતા. એક વાર છોકરાઓ સાથે ગામ બહાર ઝાડ ઉપર રમતાં તેમણે ઝાડે વીંટાયેલા એક ભયંકર સર્પને હાથે ઉઠાવીને ફેંકી દીધો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમને છેક નાનપણથી પોતાની માતા પ્રત્યે ખૂબ ભક્તિ હતી. માતાને જરા પણ દુઃખ થાય તે મહાવીર જોઈ શકતા નહિ. માતાના આગ્રહને કારણે, પોતાને ન ગમતું કાંઈ કરવું પડે તો તે પણ એ કરતા. જેમ કે, નાનપણથી જ તેમને પરણવાનું મન ન હતું. પરણીને ઘરસંસારમાં બંધાઈ રહેવા કરતાં સાધુ-સંન્યાસી થઈ ભારે તપ કરવાનું તેમને ઘણું મન હતું. પરંતુ માતાના આગ્રહથી તથા તેમનું દિલ ન દુખાય તે માટે, તેમણે યશોદા નામની એક રાજપુત્રી સાથે લગ્ન કર્યું હતું.*

મહાવીર ૨૮ વર્ષના થયા ત્યારે તેમનાં માતાપિતા મરણ પામ્યાં. એટલે તેમના મોટાભાઈ નંદિવર્ધન રાજ-ગાદીએ આવ્યા. માતાની આડ ન રહેવાથી મહાવીરે હવે સંન્યાસી થવાનો વિચાર કર્યો; પરંતુ મોટાભાઈ એ તેમને થોડો વખત થોભી જવાનો આગ્રહ કર્યો. મહાવીરે મોટા-ભાઈની આ આજ્ઞા સ્વીકારી તો ખરી; પરંતુ પોતાનું જીવન છેક જ બદલી નાખ્યું અને ખાનપાન વગેરેના કઠોર નિયમો પાળવાનું શરૂ કરી દીધું. તે રીતે બેએક વર્ષ વિતાવ્યા બાદ, તે પોતાની સર્વ સંપત્તિનું દાન કરી દઈ, સાથે માત્ર એક વસ્ત્ર રાખી તપ કરવા ચાલતા થયા.

---

* જૈનોના શ્વેતાંબર અને દિગંબર એવા બે ભેદ છે. તેમાંથી દિગંબરો એવું માને છે કે, મહાવીરે કદી લગ્ન કર્યું જ નહોતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાવીરે તીવ્ર ઉત્સાહ અને દૃઢ પ્રયત્નથી એવું તો દારુણ તપ આદર્યું કે, તેમનું નામ 'મહા વીર' પડ્યું.

મહાવીરની એવી માન્યતા હતી કે, મનુષ્યોનો આત્મા સ્વભાવથી શુદ્ધ છે તથા અનંત શક્તિવાળો છે; પરંતુ જુદી જુદી વાસનાઓ તથા તેમનાથી પ્રેરાયેલાં સારાંખોટાં કર્મો દ્વારા તે મલિન તથા દીન બની ગયો છે. તેથી પાપકર્મો કરતાં અટકી, ખૂબ તપ કરવામાં આવે, તો તેના તાપથી, અંદર જમેલા મેલના થર ઓગળી જાય, અને આત્મા પાછો શુદ્ધ તથા સર્વશક્તિમાન થાય.

તપના બે વિભાગ છે. ઉપવાસ કરવા, ટાઢ-તડકો સહન કરવાં, એક જ સ્થિતિમાં લાંબો વખત બેસી રહેવું અથવા ઊભા રહેવું — આવાં તપો 'બાહ્ય' અથવા બહારનાં તપો ગણાય. તેવાં બહારનાં તપોથી શરીર કસાય, મનના રસ સુકાય, અને એ રીતે બીજા એટલે 'આંતરિક' અથવા અંદરના તપમાં મદદ મળે. અંદરનું તપ એટલે ધ્યાન. મનને જુદા જુદા પદાર્થો તરફ દોડતું રોકી, એક જગાએ સ્થિર કરી રાખવાથી ચિત્તની શુદ્ધિ થાય છે, તથા તેનામાં વિવિધ શક્તિઓ પ્રગટ થાય છે.

૨

આ બન્ને પ્રકારનાં તપ સાધતી વેળા, અજ્ઞાન અથવા દુષ્ટ લોકો કે પ્રાણીઓ તરફથી જે કાંઈ કષ્ટ દેવામાં આવે, તેને શાંતિથી સહન કર્યા કરવાનો મહાવીરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિશ્ચય કર્યો હતો. તે માનતા કે, બીજાઓ આપણને દુઃખ દે છે તેનું કારણ આપણાં જ પૂર્વકર્મો છે; તેમ જ તે દુઃખ સહન કરવાં એ એક પ્રકારે તપ જ કર્યું કહેવાય. આ કારણથી, કોઈ ગમે તેવું દુઃખ દે તોપણ, મહાવીર તેનો જરા પણ વિરોધ કરતા નહિ. ઉપરાંત, સ્વભાવથી તે એવા દયાળુ હતા કે, પોતાને થતું દુઃખ નિવારવા તે બીજા કોઈ પ્રાણીને દુઃખ દઈ શકતા નહિ. કાંસ-મચ્છર કરડે, કે વકરેલા કૂતરા બચકાં ભરી માંસના લોચા તોડી ખાય, તોપણ તેમને તે વારતા નહિ; અને એ બધું પોતાનાં જ કર્મોના ફળરૂપ છે અથવા તપરૂપ છે, એવું માની સહન કરી લેતા. પોતે ભિક્ષા માગવા જતા ત્યારે પણ, બીજા યાચકો તથા કાગડા–કૂતરાં વગેરેને અન્ન મળવામાં અડચણ ન આવે, તેનો તે ખાસ ખ્યાલ રાખતા. ભિક્ષા આપનારને પણ નવું ભોજન બનાવવાની મુશ્કેલી ઊભી થવાની હોય, તો તે ત્યાંથી ખસી જતા. ઘરનાં બધાં ખાઈ રહ્યા બાદ વધ્યું–ઘટ્યું જ માગી લાવીને તે ખાતા. સાધુ થતી વખતે જે એક વસ્ત્ર તેમણે રાખ્યું હતું, તે એક વાર ઝાંખરાંમાં ભરાઈને નીકળી ગયા બાદ તેમણે બીજું વસ્ત્ર પણ માગીને પહેર્યું નહોતું. જે પ્રદેશના લોકો બહુ ક્રૂર હોય તથા સાધુ-સંન્યાસીને ખાસ કનડગત કરતા હોય, તે પ્રદેશમાં પોતાના નિશ્ચયની કસોટી કરવા સારુ તે ખાસ જતા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ત્યાંના લોકોએ આપેલાં પારાવાર કષ્ટો સહન કરતા. કોઈ કોઈ વાર તે જંગલમાં ધ્યાનમાં બેઠા હોય કે ઊભા હોય, ત્યારે કોઈ તેમને કશું પૂછે કે કાંઈ કહે, તો તે સાંભળી શકતા નહિ. આથી પેલા લોકો ચિડાઈને તેમને તરેહવાર પીડાઓ કરતા.

એક વખત તે એક ઝાડ તળે ધ્યાનમાં બેઠા હતા; તેવામાં એક ભરવાડ બળદો ચરાવતો ત્યાં આવ્યો. તેને કંઈક કામ યાદ આવવાથી તે પાસે બેઠેલા મહાવીરને બળદો સોંપી ગામમાં પાછો ગયો. પરંતુ મહાવીરે તો કશું સાંભળેલું જ નહિ. બળદો ચરતા ચરતા દૂર ચાલ્યા ગયા. થોડી વારે ભરવાડ પાછો આવીને જુએ છે તો બળદ ન મળે. તેણે મહાવીરને બળદો વિષે પૂછ્યું. પરંતુ ધ્યાન ધરીને બેઠેલા મહાવીર સાંભળે તો જવાબ આપે ને! છતાં ભરવાડ તો ખૂબ ગુસ્સે થઈ ગયો, અને તેણે મહાવીરને 'ઢોંગી! ખોટું બહેરાપણું બતાવે છે?' એમ કહી, તેમને સાચેસાચ બહેરા કરવા તેમના બંને કાનમાં અણીદાર શૂળો ભોંકી દીધી! મહાવીરે ન તો તેને કંઈ કહ્યું કે ન પોતાના કાનનો કંઈ ઉપાય કર્યો. કેટલાક વખત બાદ કોઈ વૈદ્યે તેમના કાનમાંથી તે શૂળો ખેંચી કાઢી. પણ તે વખતે તો તે શૂળો માંસ સાથે એવી ચોંટી ગઈ હતી કે, મહાવીર જેવા ધૈર્યવાન પુરુષથી પણ ચીસ પાડી દેવાઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ બાર વર્ષના કઠોર તપને અંતે વૈશાખ સુદ દશમને દિવસે, જૃમ્ભક નામે ગામની પાસેના એક વનમાં, મહાવીરને જ્ઞાન ઊપજ્યું, અને તે શુદ્ધ બુદ્ધ અને મુક્ત થયા, તથા 'સૌ પ્રાણીઓના પૂજ્ય' એ અર્થનું 'અર્હન્ત' એવું ઉપનામ પામ્યા. તેમણે શરીર-મન ઉપર સંપૂર્ણપણે વિજય મેળવ્યો હોવાથી તે 'જિન' પણ કહેવાયા.

ત્યાર પછીનું ત્રીસેક વર્ષ જેટલું જીવન તેમણે અહિંસા, સંયમ અને તપનો ઉપદેશ આપવામાં જ ગાળ્યું. કેટલાય બ્રાહ્મણો, રાજાઓ, રાજપુત્રો, વેપારીઓ, કારીગરો વગેરે તેમના શિષ્ય થયા, અને તેમણે બતાવેલે માર્ગે સાધુ-સંન્યાસી થઈ તપ કરવા લાગ્યા. જેમનાથી સાધુ-સંન્યાસી થઈ આકરાં તપ ન થઈ શકયાં, તેવા ગૃહસ્થોએ તેમણે બતાવેલા ધર્મને સહેજ હળવી રીતે પાળવાનું નક્કી કરી તેમનું શિષ્યપદ સ્વીકાર્યું. તે ગૃહસ્થો શ્રાવકો કહેવાય.

તે બધા સાધુ તેમ જ શ્રાવકો 'જિન' એવા મહાવીરના શિષ્યો હોવાથી 'જૈન' કહેવાયા, અને આજ પણ તે જ નામથી ઓળખાય છે. આજ જૈનો અહિંસા અને તપ એ બે વસ્તુ ઉપર વિશેષ ભાર મૂકે છે. કોઈ પણ ધર્મમાં એ બે વસ્તુ ન હોય તો તેને ધર્મ જ ન કહેવાય, એવી એ અગત્યની વસ્તુઓ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

હજરત મહંમદ પેગંબર

૧

હિંદુ ધર્મમાં એક એવી માન્યતા છે કે, જ્યારે જગતમાં અધર્મનું જોર વધી પડે છે અને ધર્મનું જોર ક્ષીણ થઈ જાય છે, ત્યારે ધર્મની ફરીથી સ્થાપના કરવા જગતના સર્જનહાર ઈશ્વર 'અવતાર' લે છે. આને મળતી, પણ કંઈક જુદી એવી માન્યતા યહૂદી વગેરે સેમિટિક કહેવાતા લોકોમાં છે. તે માન્યતા એવી છે કે, જ્યારે જ્યારે લોકો ઈશ્વરને ભૂલી જાય છે તથા તેની સાથે કરેલા કરારોનો ભંગ કરે છે, અર્થાત્ તેની આજ્ઞાઓનો લોપ કરે છે, ત્યારે ત્યારે ઈશ્વર પોતાના તરફથી લોકોમાં એક પેગંબર મોકલે છે. પેગંબર એટલે ઈશ્વરનો પેગામ—સંદેશ —લાવનાર.

ઇસ્લામના પેગંબર હજરત મહંમદ[૧] એવા એક પેગંબર થઈ ગયા. અને મુસલમાનો માને છે કે, એવા

૧. જ્યારે જ્યારે પેગંબર સાહેબનું નામ આવે ત્યારે, મુસલમાન લેખકોમાં તેની સાથે કૌંસમાં 'સ. લ.' એમ લખવાનો રિવાજ છે. તે મૂળ અરબી શબ્દપ્રયોગનું ટૂંકું રૂપ છે. તેનો અર્થ, 'તેમના પર અલ્લાની મહેર હો' એવો થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેગંબરોમાં તે સૌથી છેલ્લા છે. એમનો જન્મ ઈસવી સન ૫૭૦ ના ઑગસ્ટ માસની ૨૯ મી તારીખે સોમવારે



પ્રાતઃકાળમાં, અરબસ્તાન દેશમાં આવેલા મક્કા શહેરમાં થયો હતો. તેઓ જન્મ્યા તે પહેલાં જ તેમના પિતા અબદુલ્લા ગુજરી ગયા હતા; અને તે ૬ વર્ષના થતામાં એમનાં માતા અમીના બીબી પણ જન્નત-નશીન અર્થાત્ સ્વર્ગવાસી થયાં. ત્યાર બાદ બે ત્રણ વર્ષ તેમને એમના દાદાએ ઉછેર્યા. અને તે પણ મરણપથારીએ પડ્યા ત્યારે તેમણે પોતાના બીજા પુત્ર અબુ-તાલેબને બોલાવ્યા, અને કહ્યું કે, 'બેટા, આ બાળકને રમાડતાં રમાડતાં મને ઘણી વાર એમ થઈ આવતું કે, તે આપણી આખી કોમને ઉજાળશે; માટે એને બરાબર સાચવજે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે હજરત મહંમદ પોતાના કાકાની સંભાળ નીચે મોટા થવા લાગ્યા. દાદાએ ભાખેલું ભવિષ્ય સાચું પડવાનાં ચિહ્નો તરત જ જણાવા લાગ્યાં. પહેલેથી જ તે બહુ એકાંતપ્રિય તથા વિચારશીલ હતા. તે બહુ થોડાબોલા હતા; પરંતુ જ્યારે બોલતા ત્યારે તેમના શબ્દો સ્પષ્ટ, સચોટ, તથા વસ્તુનો ઉકેલ કે નિકાલ લાવી આપનાર હોતા. તેમનો સ્વભાવ મળતાવડો હતો. તેમનામાં મિથ્યાભિમાન તલભાર ન હતું. નાનપણમાં પોતાના કાકાને મદદગાર થવાને ઇરાદે તે ઢોર ચારવા જતા. ત્યાં ખુલ્લાં મેદાનોમાં, નાની ટેકરીઓમાં, અને એકાંત ગુફાઓમાં, શાંતિ અનુભવતા ફરવું, એ તેમને બહુ ગમતું.

તેમના કાકા તેમના ગુણો જોઈ તેમના ઉપર બહુ ભાવ રાખતા. હજરત બાર વર્ષના થયા એ અરસામાં તેમના કાકાને વેપાર અર્થે સીરિયા જવાનું થયું, ત્યારે તે તેમને સાથે લઈ ગયા. આવી દૂરની મુસાફરીઓથી હજરત મહંમદને જુદા જુદા લોકોનો તથા તેમના આચારવિચારનો બહુ અનુભવ થયો. મક્કાથી દર વર્ષે બે વણજાર નીકળતી — એક સીરિયા તરફ અને બીજી યમન તરફ. એ વખતે જે કોઈ જાતે જઈ વેપાર ન કરી શકતું, તે બીજાને આડતિયો રાખી વેપાર કરતું. આડતિયા તરીકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજરત મહંમદે બતાવેલી પ્રામાણિકતા અને સચ્ચાઈને કારણે તેમને યુવાન અવસ્થામાં જ 'અલ-અમીન' એટલે કે 'ઈમાનદાર' એવું ઉપનામ મળ્યું હતું.

તેમના વ્યાવહારિક ડહાપણના દૃષ્ટાંતરૂપે એક રસિક પ્રસંગ કહેવાય છે: કાબાની મસ્જિદનું સમારકામ ચાલતું હતું. તે વખતે દેશની જુદી જુદી ટોળીઓ વચ્ચે ઝઘડો પડ્યો કે, કઈ ટોળી કાબાના પવિત્ર પથ્થરને ઊંચકીને મૂળ સ્થાને પધરાવે. દરેક ટોળી એ પવિત્ર કાર્ય પોતાને હાથે જ થવું જોઈએ એમ જીદ કરતી હતી; અને તેમાંથી મારામારી થવાનો પ્રસંગ આવ્યો. છેવટે એવું મુકરર થયું કે, બીજ દિવસે સવારે કાબાની મસ્જિદને અમુક દરવાજેથી સૌથી પહેલો દાખલ થનારો માણસ જ ફેંસલો આપે, તે સૌએ કબૂલ રાખવો. બન્યું એવું કે, બીજ દિવસે હજરત મહંમદ જ એ દરવાજેથી પહેલા દાખલ થયા.' આથી સૌ કોઈ રાજી થઈ બોલી ઊઠ્યું કે, 'ઠીક થયું, અલ-અમીન જ આવ્યા!' હજરતે બધી વાત જાણ્યા બાદ જ ચુકાદો આપ્યો, તે તો વળી સૌને વધુ આનંદ આપનારો થઈ પડ્યો. તેમણે જમીન ઉપર પોતાનું ઉપરણું પાથરી તેના વચલા ભાગમાં તે પવિત્ર પથ્થર મૂક્યો, અને પછી જણાવ્યું કે, 'દરેક ખાનદાનનો એક એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસ ચાદરનો એક એક છેડો પકડીને આ પવિત્ર પથ્થરને ઊંચકે અને તેને યથાસ્થાને પધરાવે!'

હજરત મહંમદની 'ઈમાનદાર' અને વિશ્વાસુ માણસ તરીકેની ખ્યાતિથી ખેંચાઈ, મક્કા શહેરની એક તવંગર સ્ત્રી, બીબી ખદીજાએ તેમને એક વાર પોતાના આડતિયા બનાવ્યા. હજરતે બતાવેલી વ્યવહારકુશળતા અને સાફ દાનતથી બીબી ખદીજાને ધાર્યા કરતાં ઘણો વધારે નફો હાંસલ થયો. એટલે તેમણે હજરતને પોતાના બધા વેપારના કાયમી આડતિયા બનાવ્યા.

બીબી ખદીજા વિધવા હતાં. શહેરના કેટલાય માનવંતા લોકોએ તેમને પરણવા તૈયારી બતાવી હતી. પરંતુ તેમણે તે બધી દરખાસ્તો નામંજૂલ કરી હતી. પરંતુ ધીમે ધીમે હજરત તરફ તેમનું દિલ ખેંચાયું, અને તેમણે પોતે જ હજરતને પોતાની સાથે લગ્ન કરવા વિનંતી કરી, અને તેમણે તે કબૂલ રાખી.

આ લગ્નથી હજરત મહંમદની સ્થિતિમાં ઘણો ફેર પડી ગયો. આજ સુધી કમાવાની ચિંતા તેમને રાખવી પડતી હતી, તે હવે દૂર થઈ એટલું જ નહિ, પરંતુ મક્કાના પૈસાદાર લોકોમાં તેમની ગણના થવા લાગી. છતાં જાણવા જેવી વાત એ છે કે, એ તો પહેલાંની પેઠે નીતિમાન અને એકાંતપ્રિય જ રહ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

અરબસ્તાનના લોકો મૂળે તો એક 'અલ્લા-તાલા' એટલે કે 'પરમેશ્વર'માં માનતા. પરંતુ ધીમે ધીમે સાચી ધર્મભાવના ઓછી થતાં થતાં તેઓ અનેક જાતનાં પૂતળાં તથા બુતોને પૂજતા થયા હતા. અને તે પણ કેટલીક વાર ખાલી આડંબર ખાતર, તો કેટલીક વાર તેમને પૂજવાથી ઐહિક સુખો પ્રાપ્ત થાય એવી બુદ્ધિથી. અરબસ્તાનની જુદી જુદી ટોળીઓ પોતપોતાના ખાસ બુતને માનતી, અને તે બધાંને કાબાની મસીદમાં મૂકવામાં આવ્યાં હતાં. વર્ષના ચાર મહિના આપસ-આપસનાં બધાં વેર-ઝેર ભૂલી જઈ, દેશની બધી ટોળીઓ મક્કાની જાત્રાએ આવતી અને પોતપોતાનાં બુતોની પૂજા કરતી. તે વખતે મક્કામાં યાત્રાળુઓની મોટી ઠઠ જામતી. મક્કાવાસીઓની ખરી કમાણી આ યાત્રાળુઓ ઉપર જ હતી. ધર્મ એ તેમને માટે કમાણીનું સાધન જ બની ગયો હતો; તથા દારૂ, જુગાર અને વ્યભિચાર તેમના જીવનમાં પેસી ગયાં હતાં.

હજરત મહંમદને એમાં કયાંયે સાચો ધર્મ દેખાતો ન હતો. તે ચતુર પુરુષ સમજી ગયા કે, વહેમ અને લોભ જ આ બધી બુતપરસ્તીના મૂળમાં છે; અને બુતપરસ્તીથી લોકોને સદાચાર તથા સુલેહસંપ તરફ વળવાની પ્રેરણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળવાને બદલે, અરસપરસ વિખવાદ વધારવાનાં કારણ જ મળે છે. સાચો ધર્મ કેવો હોય તથા આ બધી જુદી જુદી કોમોમાં એ ધર્મ કેમ કરીને લાવવો, એ જ હવે તેમની એકમાત્ર ને મોટી ઝંખના થઈ પડી.

હજરત મહંમદ વર્ષ દરમ્યાન અમુક વખત મક્કા પાસે આવેલા હીરા પર્વતમાં જઈને રહેતા, અને ત્યાંની એકાંત ગુફામાં બંદગી કરવામાં સમય ગાળતા. સાચા દિલનો પોકાર લાંબો વખત સંભળાયા વિના શી રીતે રહે? એક વખત મોડી રાતે હજરત મહંમદ નિર્જન ગુફામાં બંદગી કરતા હતા, ત્યારે કોઈ તેમને બોલાવતું હોય એવો તેમને ભાસ થયો. તે અવાજ કહેતો હતો, 'વાંચ', 'વાંચ'.

હજરતે જવાબ આપ્યો, 'મને વાંચતાં નથી આવડતું.'

અવાજે કહ્યું, 'ખુદાનું નામ લઈને વાંચ.'

તે જ ક્ષણે જાણે પડળ ઊઘડી ગયાં હોય એમ તેમને લાગ્યું, અને ખુદાએ મોકલેલી આજ્ઞાઓ વાંચતા હોય તેમ તે બોલી ગયા. તેમાં એમ કહેવામાં આવ્યું હતું કે, 'ખુદાએ જ માણસમાત્રને તથા આખી દુનિયાને પેદા કરી છે; તેનો મહિમા અગાધ છે; અને તે જ જ્ઞાનમાત્રનું મૂળ છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ અપૂર્વ અનુભવથી હજરત નવાઈ પામ્યા. તે અનુભવને, અરબી ભાષામાં, ખુદા તરફથી આવેલી "વહી' એટલે સંદેશો કહે છે. પોતાને ઉતારે આવી તેમણે ખદીજા બીબીને પોતાનો આ અનુભવ કહી સંભળાવ્યો. પોતાના જેવા માણસ ઉપર મહેર કરીને ખુદા 'વહી' મોકલે, એ તેમના માન્યામાં આવતું નહોતું. તો પછી આ અનુભવ કોઈ ભ્રમ કે વળગાડ તો નહિ હોય? પરંતુ ખદીજા બીબીએ એમને આશ્વાસન આપીને કહ્યું કે, 'ખુદાની તમારા ઉપર મહેર છે, તમે નેકીથી વર્તનારા ઈમાનદાર માણસ છો, એટલે તમને ભૂતપ્રેત વગેરે કોઈ પજવી શકે તેમ નથી.'

વહીનો આ અનુભવ હજરતના જીવનમાં ભારે ક્રાંતિકારી બન્યો. એ અનુભવના નાદમાં તેઓ ગુફાઓના એકાંતમાં વધુ ને વધુ રહેવા લાગ્યા.

કેટલાક સમય બાદ એક રાતે ફરી હજરતને અવાજ સંભળાયો : 'હે સોડ તાણીને સૂતેલા! જાગ અને લોકોને જગાડ. તારા પરવરદિગારનો મહિમા યાદ કર; પાપકર્મથી દૂર રહે; બદલાની આશા વિના દાન કર; અને સૌ કાંઈ પરમાત્માનું ધાર્યું જ થાય છે, એમ જાણી સુખદુઃખ ધીરજથી સહન કર.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજરત મહંમદને હવે ખાતરી થઈ કે, ખુદા મારી મારફત લોકોને પોતાનો સંદેશ પહોંચાડવા ઇચ્છે છે. એટલે તેમણે પોતાની ઉપર ઇતબારવાળા પોતાના પરિચય તથા સંબંધીઓને એ સંદેશ કહેવા માંડ્યા. ખદીજા બીબી સૌ પ્રથમ તેમની શિષ્યા થયાં. તેમને તો પહેલેથી જ હજરત અને તેમના પેગંબરપણા ઉપર ઇતબાર હતો. એવો જ ઇતબાર મક્કાના એક આગેવાન અબુ-બક્કને તથા હજરતના કાકા અબુ-તાલેબના પુત્ર અલીને પણ હતો. તે બન્ને તથા ઝૈદ નામે એક છૂટો કરવામાં આવેલો ગુલામ તરત જ એમના શિષ્ય બન્યા.

અબુ-બક્ક જવા પ્રતિષ્ઠિત માણસ આ નવા પંથમાં ભળ્યા, એટલે બીજા પણ કેટલાક લોકો હજરત પેગંબરનાં વચનોમાં શ્રદ્ધા લાવી તેમના શિષ્ય થયા. ત્રણેક વર્ષના ગાળામાં તો તેમની સંખ્યા વધીને ચાળીસ જેટલી થઈ.

હવે મક્કાવાસીઓ ચમકયા. તેમને લાગ્યું કે, આ નવો પંથ જો વધતો ચાલ્યો, તો બુતપરસ્તીનું દેશમાંથી નામનિશાન નીકળી જશે, અને પોતાની કમાણી પણ સાથે સાથે જશે. એટલે તેમણે હજરતના કાકા ઉપર દબાણ લાવવા માંડ્યું કે, તેઓ હજરતને પ્રચાર કરતાં અટકાવે. તેમના કાકાએ જ્યારે હજરતને એ વાત કહી ત્યારે તે બોલ્યા: "કદી સૂર્ય મારી જમણી બાજુએ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્ર મારી ડાબી બાજુએ આવીને મને અટકાવે, તોપણ હું ઈશ્વરની આજ્ઞાનો પ્રચાર કરતો અટકવાનો નથી.''

પછી તો પેગંબર સાહેબ અને તેમના અનુયાયીઓ ઉપર સિતમની ઝડી વરસવી શરૂ થઈ. હજરત રસ્તે થઈને જતા હોય, ત્યારે તેમનો હુરિયો બોલાય; તેમના ઉપર કાંકરા, ધૂળ, જોડકણાં અને ગાળોનો સામટો વરસાદ વરસે. તે બંદગી કરવા નીચે નમ્યા હોય, ત્યારે તેમના ગળામાં ઊંટડીનાં ગંધાતાં આતરડાં પહેરાવવામાં આવે. તેમના જવા આવવાના માર્ગમાં અંધારે અંધારે કાંટાઝાંખરાં વેરવામાં આવે; અને કોઈ વાર તો લોકોને બહુ ઝનૂન ચડ્યું હોય, ત્યારે તેમના ગળાની આસપાસ કપડું વીંટી તેને ખૂબ આમળે પણ ખરા.

પેગંબર સાહેબના ગરીબ કે ગુલામ શિષ્યો પર તો આથી પણ વધારે કેર વરસાવવામાં આવતો. તેમને ખરે બપોરે અરબસ્તાનના તાપમાં રેતી ઉપર ચત્તાપાટ સુવાડી રાખવામાં આવે. તેમની છાતી ઉપર પથ્થરની શિલાઓ મૂકવામાં આવે. એક ગુલામનો તો એક એક પગ બે જુદાં જુદાં ઊંટ સાથે બાંધી, પછી તે ઊંટોને જુદી જુદી દિશામાં ભગાડીને, તેના શરીરને ચીરી નાંખવામાં આવ્યું. એક દાસીને તેનો શેઠ જાતે, પોતે થાકીને લોથ થઈ જાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં સુધી, માર્યા કરતો. તેમ છતાં બધાંનાં હૃદય ખુદા પ્રત્યેની ભક્તિથી અને પેગંબર સાહેબ પ્રત્યેની આસ્થાથી ભરેલાં રહેતાં. ખુદા સૌ સારા માટે કરે છે એમ માની, તે સૌ એ બધા જુલમો ધીરજથી સહન કરતાં, અને એક-બીજાને બનતી મદદ કરી જીવન નિભાવતાં. છેવટે કેટલાક લોકો ઉપરનો જુલમ અસહ્ય બનતાં, પેગંબર સાહેબે તેમને એબિસીનિયામાં ચાલ્યા જવાની સલાહ આપી.

પેગંબર સાહેબના કાકાના કુટુંબનો પણ હવે બહિષ્કાર કરવામાં આવ્યો. તેમને કોઈ કાંઈ વસ્તુ વેચે નહિ કે કશી મદદ કરે નહિ. ઘણા વખત બાદ મકાનની અંદર ખૂણે ટળવળતાં બાળકોની ચીસો બહાર જનારાઓથી સાંભળી ન ગઈ, ત્યારે એ બહિષ્કાર ઉઠાવી લેવામાં આવ્યો.

પરંતુ આ બધી મુશ્કેલીઓ ઓછી હોય તેમ, થોડા વખતમાં જ બીબી ખદીજા તેમ જ પેગંબર સાહેબના કાકા અબુ-તાલેબ એક પછી એક મરણ પામ્યાં. પેગંબર સાહેબના આ બે મુખ્ય આધાર તૂટી પડવાથી મક્કામાં હવે સૌ કોઈ તેમની ઉઘાડેચોક પજવણી કરવા લાગ્યું. પરંતુ તેથી ડર્યા વગર તેમણે પોતાનું કામ, યાત્રાના દિવસોમાં બહારથી મક્કામાં આવતા યાત્રાળુઓમાં ધીરજપૂર્વક ચાલુ રાખ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ ધીમે ધીમે મદીનાના કેટલાક યાત્રીઓને તેમના ઉપર વિશ્વાસ બેઠો, અને તેમણે હજરતને મદીના પધારવા આમંત્રણ આપ્યું. એટલે મક્કાવાસીઓએ પેગંબર સાહેબના મકાનને ઘેરી લઈ, તેમનો વધ કરવાનો પેંતરો રચ્યો. પરંતુ ખુદાને કરવું તે પેગંબર સાહેબ વખતસર ચેતી ગયા અને અબુ-બક્ર સાથે મદીના તરફ ચાલ્યા ગયા. તેમને ચાલ્યા જવાનો પૂરતો સમય મળે તે માટે, અલી તેમના બિછાનામાં આખી રાત સૂઈ રહ્યો. મક્કાવાસીઓ પેગંબર સાહેબને પથારીમાં સૂતેલા ધારી નિરાંતે મકાનની આસપાસ બેસી રહ્યા.

પરંતુ બીજે દિવસે સાચી વાત માલૂમ પડતાં ગુસ્સે થયેલા મક્કાવાસીઓએ પેગંબર સાહેબને પકડવા ચોતરફ માણસો દોડાવ્યા. આથી તેમને ગુફામાં બે ત્રણ દિવસ ભરાઈ જવું પડ્યું. એક વખત તો શત્રુઓ ખોળ કરતા કરતા તે ગુફાના દ્વાર સુધી આવી પહોંચ્યા. અબુ-બક્ર ચિંતાતુર થઈને બોલી ઊઠ્યા: "હજરત, શત્રુઓ ઘણા છે અને આપણે બે જ જણ છીએ."

હજરતે ગંભીરપણે જવાબ આપ્યો: "આપણી પાસે ત્રીજો ખુદા છે; અને એ સૌને માટે બસ છે."

તે જ અરસામાં એવું બન્યું કે, કરોળિયાએ ગુફાના બારણામાં જાળું બાંધી દીધું. તે જાળાને જોઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુશ્મનોએ માની લીધું કે, તાજેતરમાં કોઈ આ ગુફામાં પેઠું નથી. એટલે તેઓ અંદર પેઠા વગર જ પાછા વળ્યા. હજરત પછી નિર્વિઘ્ને મદીના પહોંચી ગયા.

૩

પેગંબર સાહેબે, આ પ્રમાણે, ઈ. સ. ૬૨૨માં મક્કા છોડ્યું. આ 'હિજરત'ના દિવસ ઉપરથી મુસલમાનો પોતાનો હિજરી સંવત ગણે છે.

મદીનાના લોકોએ પેગંબર સાહેબને અને તેમના ધર્મને સારો આવકાર આપ્યો. મદીના ગયા છતાં પણ મક્કાવાસીઓએ એમનો પીછો છોડ્યો નહિ. તેમણે વારંવાર મદીના ઉપર ચઢાઈઓ કરી, અને ઘણી કતલો થઈ, છતાં પેગંબર સાહેબનું અનુયાયીમંડળ વધતું જ ગયું; અને છેવટે મક્કાવાસીઓએ તેમને શરણે આવી ઇસ્લામ ધર્મ સ્વીકાર્યો.

હવે હજરત મક્કામાં પધાર્યા. મક્કાવાસીઓએ માન્યું હતું કે, જૂના જુલમને યાદ કરીને પેગંબર સાહેબ તેમને સારી પેઠે શિક્ષા કરશે. પરંતુ તેમણે કોઈને હેરાન કર્યા નહિ, કે એક પણ ઘર લૂંટાવ્યું નહિ. માત્ર પેલાં જરી-પુરાણાં તથા નર્યા વહેમો અને દુરાચારોના આધારરૂપ બનેલાં બુતોને તેમણે તોડી નાખ્યાં.

પેગંબર સાહેબની રીત જ એ હતી કે, જિતાયેલ દુશ્મન પ્રત્યે દાનાઈ બતાવવી અને તેને ભલાઈથી પૂરે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરો વશ કરી લેવો. 'ધર્મની બાબતમાં જોરજુલમ ન હોય', એવી તેમની સ્પષ્ટ આજ્ઞા છે. કુરાનની એક આયત છે કે, 'માણસમાં જોરજુલમથી શ્રદ્ધા ન પ્રગટાવી શકાય. ખુદાની કૃપા થાય ત્યારે જ માણસમાં શ્રદ્ધાભક્તિ ઉદય પામે.'

ધર્મનો ઉપદેશ કરવા નીકળનારનું જીવન સાફ હોય, તો તેના વર્તન અને તેની વાણીથી બીજાના દિલ ઉપર જેવી અસર થાય છે, તેવી બીજી કશાથી થતી નથી. ધર્મનો પ્રચાર કરવાની આ સાચી રીતથી, પોતાના જીવન દરમ્યાન જ પેગંબર સાહેબે જંગલી તથા ઝનૂની જેવી આરબ ટોળીઓમાં ઇસ્લામનો પ્રચાર કરી દીધો. ઇસ્લામ એટલે 'શાંતિ', અર્થાત્ શાંતિનો ધર્મ. અને ખરેખર અરબી લોકોમાં એ ધર્મે નામ પ્રમાણે જ કામ કર્યું. ઇસ્લામના પ્રચારને કારણે અરબી પ્રજા એક થઈ.

આમ, પોતાનું જીવનકાર્ય પૂરું કરી, ઇસ્લામના પેગંબર હજરત મહંમદ, ઈ. સ. ૬૩૨ના જૂન માસની ૮મી તારીખે સોમવારે, ખુદાની બંદગી કરતા કરતા, આ દુનિયા છોડી ગયા. એ દિવસ આજ આખા ઇસ્લામી જગતમાં 'બારહ વફાત' નામથી ઊજવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

ભગવાન ઈશુ ખ્રિસ્ત

૧

ઈસ્વી સનનાં આજ જેટલાં વર્ષ થયાં છે તેટલાં વર્ષ ઉપર, જોસેફ નામના એક યહૂદી સુતારની સ્ત્રી મેરીને પેટે, ખ્રિસ્તીઓના પેગંબર ઈશુ ખ્રિસ્તનો જન્મ થયો હતો. એ ત્રીસ વર્ષની ઉંમરના થયા ત્યાં સુધીની એમના જીવનની હકીકત બહુ થોડી મળી આવે છે. એમનાં માબાપ અને ભાઈઓ સાથે એ નેઝરેથ શહેરમાં રહેતા, અને પિતાની મદદે આવી સુતારનું કામ કરતા, તથા પોતે પરણ્યા નહોતા;—એટલું જ ચોકસ જણાયેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીસમા વર્ષમાં એક વખતે એમના સાંભળવામાં આવ્યું કે, પાસેના વનમાં જૉન નામે એક સાધુ ઉપદેશ આપે છે. તે ઉપરથી જિસસ એનો ઉપદેશ સાંભળવા ગયા. એ ઉપદેશનો સાર એ હતો કે, પ્રભુનું રાજ્ય આવવાનો સમય થયો છે, માટે કોઈએ પાપ કરવું નહિ, અને સૌ પ્રત્યે પ્રેમ અને સમાનભાવથી વર્તવું. 'જેની પાસે બે વસ્ત્ર હોય તેણે નવસ્ત્રાને પોતાનું એક વસ્ત્ર આપી દેવું, અને જેની પાસે અન્ન હોય તેણે ભૂખ્યા સાથે વહેંચીને ખાવું.' 'તમારું જીવન તમારાં કૃત્યોથી જણાઈ આવશે. તમે ભલું નહિ કરો તો, જે ઝાડને ફળ આવતાં બંધ થાય છે એ ઝાડને કાપીને જેમ લોક એનું બળતણ કરે છે, તેમ તમારું પણ થશે.'

એક વખત જૉને એવી ભવિષ્ય-વાણી કાઢી કહેવાય છે કે, 'મારા કરતાં જે સમર્થ છે, તે મારી પાછળ આવે છે; એના પગરખાની દોરી છોડવા પણ હું યોગ્ય નથી.' આ 'પાછળ આવનાર' તે ઈશુ ખ્રિસ્ત.

૨

જિસસ ક્રાઈસ્ટ તરત જ તે સ્થળેથી વનમાં ચાલ્યા ગયા, અને ચાળીસ દિવસ પ્રભુનું ધ્યાન કરી પરમ બોધ પામ્યા. જેમ ગૌતમ બુદ્ધને 'માર' નામની આસુરી સંપતે લલચાવવા ફોકટ પ્રયત્ન કર્યો હતો, તેમ જિસસને પણ સેતાને સમસ્ત પૃથ્વીનું રાજ્ય વગેરેની ઘણી ઘણી લાલચો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપી; પણ તે ઠગ્યા નહિ. એમણે જણાવ્યું કે, 'શાસ્ત્રમાં લખાઈ ચૂકેલું છે કે, મનુષ્ય માત્ર રોટલી (અન્ન) થી જીવશે નહિ, પણ પ્રભુના મુખમાંથી નીકળતા દરેક શબ્દથી જીવશે.' અર્થાત્, સંસારના ઉપભોગ નહિ, પણ પ્રભુનાં વચન—તેની આજ્ઞાનું પાલન, એ જ મનુષ્યનું ખરું કર્તવ્ય છે અને ખરું જીવન છે.

પછી વનમાંથી ગામમાં આવી ઈશુ ખ્રિસ્તે જગતના કલ્યાણ અર્થે ઉપદેશ આરંભ્યો. સૌથી પહેલા બે માછીઓ તેમના શિષ્ય થયા. તેઓ જાળ ફેંકી દઈને ઈશુની પાછળ ચાલ્યા, અને ત્યારથી ધીમે ધીમે એમનું શિષ્યમંડળ વધતું ગયું. જિસસે યહૂદી પ્રાર્થનામંદિર ('સિનેગૉગ')માં જઈ ઉપદેશ કરવા માંડ્યો. ભૂત આવેલું હોય એમ ઘેલછા કાઢતો એક માણસ આવ્યો એનું ભૂત કાઢી નાંખ્યું, પતિયાંની પત મટાડી; અને વિશ્રામવારે (એટલે રવિવારે) કોઈ પણ જાતનું કામ કરી શકાય નહિ એવો યહૂદી ધર્મનો પ્રતિબંધ હોવા છતાં, એ વારે પણ દર્દીઓનાં દર્દ મટાડવામાં એમણે સંકોચ રાખ્યો નહિ; અને જણાવ્યું કે, 'વિશ્રામવાર માણસ માટે કર્યો છે, માણસને વિશ્રામવાર માટે કર્યો નથી.'

આ જાતનાં ઈશુનાં ઉપદેશ અને કૃત્યોથી યહૂદી ધર્મગુરુઓ ભડક્યા, અને ઈશુને રાજદ્રોહના ગુનામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફસાવવાની અને મરાવવાની અનેક યુક્તિઓ રચવા લાગ્યા. ઈશુ દર્દીનાં દર્દ મટાડતા તથા ભૂત કાઢતા એ સંબંધમાં એવી વાત ચલાવી કે, એ સેતાનનો ઉપાસક છે અને તેથી આવાં અદ્‌ભુત કૃત્યો કરી શકે છે!

૩

એક વખત રાતે ઈશુએ પોતાના શિષ્યમંડળ સાથે વાળુ કર્યું. પછી મોડી રાતે એક સ્થળે તેમણે પ્રભુની પ્રાર્થના કરી. ત્યારબાદ તે પોતાના શિષ્યોને જગાડતા હતા, એટલામાં યહૂદા નામે તેમનો જ એક શિષ્ય હથિયારબંધ સિપાઈઓની સાથે ત્યાં આવ્યો, અને 'આ ઈશુ' એમ ઓળખાવવા માટે, એણે પ્રેમનો ડોળ કરી ઈશુને ચુંબન કર્યું. સિપાઈઓએ ઈશુને પકડ્યા; શિષ્યો એક પછી એક નાસી ગયા! ઈશુને મુખ્ય ધર્માચાર્ય પાસે લઈ ગયા.

યહૂદી ધર્મગુરુએ તેમને પ્રશ્ન પૂછ્યો: "ઈશ્વરનો પુત્ર ખ્રિસ્ત તે તું કે?"

ઈશુએ ઉત્તર દીધો: "હા!"

આમ ઉત્તર દેવામાં એમણે ઈશ્વરનું અપમાન કર્યું એવો આરોપ મૂકીને, તેણે એમને મોતની સજા ફરમાવી, અને તેમની ઘણી ક્રૂર મશ્કરીઓ કરવા માંડી.

યહૂદીઓને મોતની સજાનો અમલ કરવાની સત્તા ન હતી; તેથી બીજે દહાડે ઈશુને પાઇલેટ નામના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોમન અધિકારી પાસે લઈ જવામાં આવ્યા; તથા આ 'યહૂદીઓનો રાજા' હોવાનો દાવો કરે છે, એમ એમના ઉપર રાજદ્રોહનો આરોપ મુકાયો.

પાઇલેટ સારી રીતે સમજતો હતો કે, આ સઘળું યહૂદી લોકનું તરકટ છે. છતાં પણ એણે લોકની માગણીને વશ થઈને ઈશુને વધસ્તંભ ઉપર લઈ જવાની આજ્ઞા કરી.

૪

રોમન સિપાહીઓએ ઈશુને રાજનો પોશાક પહેરાવ્યો અને તેમને માથે કાંટાનો મુકુટ મૂક્યો, અને કપાળે (કોઈ કહે છે, વધસ્તંભ ઉપર) 'યહૂદીઓનો રાજા!' એવા મશ્કરીના શબ્દો લખીને ચોડ્યા. ઈશુને વધસ્તંભ —ક્રૂસ ઊંચકાવીને બધે ફેરવ્યા. ત્યાર બાદ તેમને તે જ વધસ્તંભ ઉપર ચડાવ્યા અને એમના દેહને ખીલા માર્યા. છતાં પણ, 'હે પ્રભુ, તારી ઇચ્છા અનુસાર થજો, મારી નહિ; તેઓ શું કરે છે તેની એમને ખબર નથી.'— એમ પ્રભુ-ઇચ્છાને શરણ થઈ, પોતાના દુશ્મનો માટે પણ પરમ ક્ષમાના શબ્દો ઉચ્ચારી, એમણે પ્રાણ છોડ્યા! આમ સત્યને ખાતર આત્મબલિદાન આપી, તે પોતાનાં પ્રેમ અને ક્ષમાનો પાઠ જગતને આપી ગયા. આજે જગતમાં જેમને ખ્રિસ્તી કહેવામાં આવે છે તે લોકો તેમના અનુયાયી છે. બાઇબલ એ તેઓનું ધર્મ-પુસ્તક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

અષો જરથુષ્ટ્ર

૧

પારસીઓને સૌ કોઈ ઓળખે છે. તેઓ ગુજરાત અને મુંબઈમાં મોટે ભાગે વસે છે. અને ગુજરાતી ભાષા બોલે છે. પરંતુ મૂળે તેઓ અહીંના નથી, તે તેમના નામ પરથીય તમે જોઈ શકશો.

પારસી શબ્દ સંસ્કૃત 'પારસ' પરથી બન્યો છે. હાલમાં જેને આપણે ઈરાન દેશ કહીએ છીએ, તેને સંસ્કૃતમાં 'પારસ' દેશ કહે છે. તે મુલકના વતની તે પારસી.

ઈસવી સનના સાતમા સૈકામાં ઈરાનમાં મુસલમાન ધર્મ ફેલાવા લાગ્યો. આથી, પોતાના ધર્મની રક્ષા ખાતર પારસીઓએ પોતાનું મૂળ વતન ઈરાન છોડ્યું. પોતાના પવિત્ર આતશને સાથે લઈને તેઓ ત્યાંથી હિજરત કરી આપણા દેશમાં ગુજરાતના સંજાણ બંદરે ઊતર્યા. ત્યારથી તેઓ હિંદને પોતાનો દેશ કરીને રહ્યા છે.

પારસીઓને 'જરથોસ્તી ભાઈઓ' પણ કહેવામાં આવે છે. આપણે ઉપર જોયું કે, 'પારસી' નામ તેમના મૂળ વતન પારસ દેશ પરથી પડ્યું છે; આ 'જરથોસ્તી' નામ તેમના આદિ ધર્મ-સંસ્થાપક, જરથુષ્ટ્ર પરથી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ ખ્રિસ્ત ઉપરથી તેમનો અનુયાયી ખ્રિસ્તી કહેવાય છે, તેમ જરથોસ્ત અથવા જરથુષ્ટ્ર ઉપરથી તેમનો અનુયાયી જરથોસ્તી કહેવાય છે. જરથુષ્ટ્ર, પોતાના જીવન તથા આદર્શની પવિત્રતાને લીધે 'અષો' એટલે પવિત્ર જરથુષ્ટ્ર કહેવાય છે.

૨

અષો જરથુષ્ટ્ર ઈરાનના વતની હતા. એમનો જીવન-કાળ ઈ. સ. પૂર્વે ૬૬૦ થી ૫૮૩ સુધીનો મનાય છે.

બાળક જરથુષ્ટ્ર સાત વર્ષના થતાં, તેમના પિતાએ એક ડાહ્યા અને વિદ્વાન ગુરુની પાસે એમને ભણવા મૂક્યા. પંદર વર્ષના તે થયા ત્યારે તેમણે કસ્તી ધારણ કરી. જેમ બ્રાહ્મણોમાં જનોઈ પહેરવાનો રિવાજ છે, તથા જનોઈ પહેરનાર નવો જન્મ પામ્યો એમ ગણાય છે, તેમ જ આ કસ્તી પહેરવાનો ચાલ પ્રાચીન ઈરાની આર્યોમાં પણ હતો. જનોઈ પેઠે જ કસ્તી એ ધર્મ-જીવનમાં પ્રવેશ કર્યાનું ચિહ્ન મનાતી. તમને ખબર હશે કે, આજ પણ પારસીઓ એક ધર્મચિહ્ન તરીકે સદરા ઉપર કસ્તી પહેરે છે.

પોતાની યુવાન ઉંમરે જરથુષ્ટ્ર કેવા સમજણા અને વિચારવંત બન્યા હતા, તે એક પ્રસંગ પરથી સરસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજાય છે. જરથુષ્ટ્ર ૧૫ વર્ષના હતા ત્યારે તેમના પિતાએ પોતાની મિલકત પોતાના દીકરાઓને વહેંચી આપી. જરથુષ્ટ્રે બાપીકી પૂંજીમાંથી માત્ર કંદોરો જ લીધો. કંદોરાની પેઠે કસ્તી કમરે બંધાય છે; એટલે એમણે માત્ર કંદોરો લઈને એમ સૂચવ્યું કે, પોતે ધર્મને નામે કસ્તી બાંધીને હવે જ કમર કસી છે, તેટલો વારસો તેમને ઓછો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫ થી ૨૦ વર્ષની ઉંમરના સમયનો એક બીજો પ્રસંગ છે. એક વાર દુકાળ પડ્યો હતો, તેથી ઢોર તથા ગરીબ લોક ભૂખે મરતાં હતાં. તેમણે પોતાની પાસેનું ઘાસ આપી તથા અનાજ મેળવવા મહેનત કરી લોકોને રાહત આપી અને બીજાને પણ તેમ કરવાને પ્રેર્યા.

એક બીજો પ્રસંગ એના કરતાં વધારે કરુણ છે. એક વાર રસ્તે જતાં એક કૂતરીને ભૂખે ટળવળતી જોઈ, તેને માટે ખાવાનું લેવા તે દોડ્યા. પણ તે પાછા આવ્યા ત્યાર સુધીમાં એ બિચારીએ પ્રાણ છોડ્યા હતા. તે સ્વભાવે આવા દયાળુ અને પરોપકારી હતા.

પરંતુ, તેમને જગત અને જીવનનું ખરું રહસ્ય શું હશે તે જાણવું હતું. એને સારુ એકાંતમાં ધ્યાન અને ચિંતન કરવું જોઈએ. તે કરવાને માટે જરથુષ્ટ્રે એક પહાડ પર એકાંતવાસ કર્યો. લગભગ દશેક વર્ષ એમાં ગાળ્યાં. તે ત્રીસ વરસના થયા ત્યારે તેમને જ્ઞાન થયું. પારસી ધર્મગ્રંથો કહે છે કે, એકાંતવાસને અંતે જરથુષ્ટ્રને અહુરમઝ્દ કે ઈશ્વરનાં દર્શન થયાં અને પ્રભુએ તેમને સત્યધર્મનો બોધ આપ્યો.

૩

આમ જ્ઞાન મેળવીને જરથુષ્ટ્ર એકાંતવાસમાંથી પાછા આવ્યા. પછી તેમણે પોતાને મળેલા જ્ઞાનનો પ્રચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાનું શરૂ કર્યું. તેને સારુ તે આખા ઈરાન દેશમાં બધે ફરવા લાગ્યા. લગભગ ૧૦ વર્ષ સુધી તે આમ ફર્યા, પણ કોઈએ એમનું સાંભળ્યું નહિ. છતાં જરથુષ્ટ્ર પાછા ન પડ્યા.

આ વસમાં વર્ષોમાં, એમના હૃદય પર અસુરો પણ ચડી આવતા. દુનિયાના રાજની લાલચ આપી તેઓ એમને મળેલા સત્યથી ડગાવવા મથતા. પણ એ બધી લાલચોને તેમણે સત્ય આગળ તુચ્છ ગણી કાઢી; અને અહુરમઝ્દે એમને દર્શન દઈને જે સંદેશ આપ્યો એ જ ખરો છે એમ વિચારી, પોતે પર્વતની પેઠે અડગ રહ્યા અને એનો જ પ્રચાર કરવા લાગ્યા.

દસ વરસે પહેલો શિષ્ય મળ્યો તે એમનો એક પિત્રાઈ હતો. ત્યાર પછી બે વર્ષે, એટલે કે અષો જરથુષ્ટ્રના ૪૨ મા વર્ષે, બલ્ખનો શાહ ગુસ્તાસ્પ જરથોસ્તી થયો. એટલે પછી રાજકુટુંબનાં માણસો અને દરબારીઓ પણ જરથોસ્તી બનવા લાગ્યાં. આથી ઈરાનમાં નવો ધર્મ ઝપાટાબંધ ફેલાવા લાગ્યો. એમ ૧૫–૧૭ વર્ષ ચાલ્યા બાદ, તુરાનના શાહ અર્જાસ્પનો વિરોધ જાગ્યો. તેણે ગુસ્તાસ્પને કહેણ મોકલ્યું કે, 'તું નવો ધર્મ છોડ, નહિ તો તારા દેશ ઉપર હુમલો કરીશ.' ગુસ્તાસ્પ એમ ઓછો જ ધર્મ છોડે? એટલે અર્જાસ્પ તેના મુલક પર ચડી આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરથોસ્તીઓને માટે હવે ધર્મયુદ્ધ લડવાનો સમય આવ્યો. ગુસ્તાસ્પનો દીકરો અસ્પંદિયાર એક જબરો યોદ્ધો હતો. એણે અર્જાસ્પને હરાવીને નસાડી મૂક્યો. વીસેક વર્ષ બાદ ફરી પાછો અર્જાસ્પ ચડી આવ્યો. આ વેળાએ તેનું લશ્કર બલ્ખ શહેર સુધી આવી પહોંચ્યું અને શહેરમાં દાખલ થયું. ઈરાનનો રાષ્ટ્રકવિ ફિરદોસી કહે છે કે, તે વખતે ૮૦ જેટલા મોબેદો સાથે અષો જરથુષ્ટ્ર બલ્ખના પ્રખ્યાત આતશ-બહેરામમાં પૂજાપાઠ કરતા હતા. તુરાનીઓ ત્યાં પહોંચ્યા; મોબેદોને ઠાર કરી એમના જ લોહીથી એમના પવિત્ર અગ્નિને તેમણે ઠાર્યો! અને કારમામાં કારમું કામ તો એ હતું કે, એક જણે અષો જરથુષ્ટ્રનું પણ ખૂન કર્યું. આમ, ઈરાનના એ પેગંબર ૭૭ વર્ષની વયે ધર્મને ખાતર શહીદ થયા.

એમનો ઉપદેશ આજ સુધી આપણા દેશમાં પારસીઓ પાળે છે. જગતમાં એક પરમ શક્તિ અહુરમઝ્દ કે ઈશ્વર છે. એ સૌને પેદા કરે છે, પોષે છે, અને સંહારે છે. જગતમાં કળિયુગની કે સેતાનની જે પાપી શક્તિ જણાય છે, તેને પારસી ધર્મમાં અહિમાન કહે છે. પવિત્ર, મહેનતુ અને નીતિમય જીવન ગાળી અહિમાનને હરાવવો જોઈએ, અને અહુરમઝ્દનું શરણું લેવું જોઈએ. અષો જરથુષ્ટ્રનો ઉપદેશ ટૂંકમાં આવો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

મહાત્મા કૉન્ફ્યૂશિયસ

દુનિયામાં પોતાનો સુધારો આજ હજારો વર્ષો સુધી સાચવી રાખનારા દેશો બે છે: એક આપણો ભારત અને બીજો ચીન. ચીન દેશ બૌદ્ધ ધર્મી છે એમ આપણે સામાન્ય રીતે જાણીએ છીએ. પરંતુ બૌદ્ધ ધર્મ ચીનની પેદાશ નથી; એ ધર્મ તો આપણે ત્યાંથી ચીનમાં ગયો હતો. તે અગાઉ ચીનમાં પોતાનો ધર્મ હતો. અને એ ધર્મના મૂળ પુરુષ બુદ્ધના સમકાલીન એક મહાપુરુષ હતા. તેમનું ચીની નામ કુંગ–ફુત્ઝે છે. પણ યુરોપમાં તે ચીની નામનું રૂપ કૉન્ફ્યૂશિયસ થયું, અને એ નામે જ તે બધે જાણીતા થયા છે.

કૉન્ફ્યૂશિયસનો જન્મ ઈ. સ. પૂર્વે ૫૫૦–૫૧માં થયો હતો. જન્મ પછી ત્રીજે વરસે તેમના બાપ ગુજરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયા, એટલે કૉન્ફ્યૂશિયસને ઉછેરીને મોટા કરવાનો ભાર તેમની માતાએ ઉપાડ્યો. તેમનું ખાનદાન ઊંચું હતું, પણ ઘરની સ્થિતિ સારી નહોતી. એટલે, કામ કરવા જેવડા થતાં જ કૉન્ફ્યૂશિયસને ધંધે લાગવું પડ્યું હતું.

વિદ્યા ભણવાનો શોખ તેમને પંદર વર્ષે થયો; અને છેવટે જીવનમાં તેમણે વિદ્યાઓ ભણવી અને ભણાવવી એ જ કામ પસંદ કર્યું. આ પ્રકારનું શિક્ષક-જીવન તેમણે પોતાના બાવીસમા વર્ષથી શરૂ કર્યું. જિંદગીભરમાં તેમણે ૩,૦૦૦ શિષ્યો તૈયાર કર્યા, જેમાંના ૭૦–૮૦ તો જાણીતા વિદ્વાનો ગણાતા હતા.

કૉન્ફ્યૂશિયસને લોકસેવા ગમતી. પિતા પુત્ર, પતિ પત્ની, રાજા પ્રજા, ભાઈ ભાઈ, મિત્ર મિત્ર — એમણે પોતપોતાની વચ્ચે પાળવાનો સદાચારધર્મ જ મહત્ત્વની વસ્તુ છે, એમ તે કહેતા. રાજાપ્રજાએ સુખી થવાને માટે સાચો કુટુંબધર્મ, સાચો સમાજધર્મ, સાચો રાજધર્મ શો છે, તે જાણીને આચરવો જોઈએ. આ ધર્મનો તેઓ ઉપદેશ આપતા. જે રાજા આ ધર્મ પ્રમાણે વર્તવા અને પોતાનું રાજતંત્ર ચલાવવા તૈયાર હોય, તેના રાજ્યમાં તે રહેતા, અને તે કાર્યમાં તેને પોતે જનને જોખમે પણ મદદ કરતા. જે રાજ્ય તેમને ધર્મભ્રષ્ટ લાગતું, તેનો ત્યાગ કરીને તે ચાલ્યા જતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા દેશની જેમ, કૉન્ફ્યૂશિયસના વખતમાં ચીનમાં પણ સંન્યાસ-પંથી લોકો હતા. પરંતુ લોકસેવા જ સાચો માર્ગ છે એમ કૉન્ફ્યૂશિયસ માનતા. એક વાર પોતાના શિષ્યો સાથે તે પ્રવાસમાં હતા, ત્યારે રસ્તામાં એક નદી આવી. એક શિષ્યને તેમણે કહ્યું, 'બેટા, પેલા ખેતરમાં કોઈ માણસ દેખાય છે, તેને જઈને પૂછી આવ કે, નદી કયાંથી પાર કરી શકાશે?' પેલો માણસ સંન્યાસ-પંથી હતો. તેણે કૉન્ફ્યૂશિયસના શિષ્યને ઓળખ્યો ને કૉન્ફ્યૂશિયસને ટોણો મારવાનો લાગ જોઈને કહ્યું, 'રાજ્ય પર અંધાધૂંધીની રેલ ચડી આવી છે ને કોઈ તેને કાબૂમાં આણી શકતું નથી. તારો ગુરુ એક રાજવીએ ન માન્યું તો બીજાને ત્યાં જાય છે; એવા ભટકણને અનુસરવા કરતાં દુનિયાથી અલગ બેસનારનો અનુયાયી તું થાય એ સારું નહિ?'

શિષ્યે આવીને આ જવાબ ગુરુને કહ્યો. ગુરુ બોલ્યા: "દુનિયાથી અલગ થઈને પશુપક્ષી જોડે સંગ બાંધવો, એ તો અશકય છે. સંકટમાં સબડતાં માણસો છોડીને હું બીજા કોની જોડે સંબંધ બાંધું? બધે પ્રસરેલી અંધાધૂંધીને ટાળવા તો વધુ મહેનત કરવી જોઈએ. જો રાજ્યમાં સુનીતિ ચાલતી હોત, તો તેને સુધારવા માટે મારી મહેનતની જરૂર ન પડત."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૅન્સિયસ કરીને એક બીજો પ્રસિદ્ધ ચીની મહાપુરુષ થઈ ગયો, તે કૉન્ફ્યૂશિયસનો અનુયાયી હતો. તે કાળમાં કેવો જમાનો હતો તે વર્ણવતાં તેણે લખ્યું છે: "જગત ખુવાર થવા બેઠું હતું; સત્ય સિદ્ધાંતોનો નાશ થયો હતો. અવળી સમજની ડાચાકૂટ અને જુલમનું જોર વધ્યાં હતાં. પ્રધાનો રાજાનું અને પુત્રો પિતાનું ખૂન કરતા. આ બધું જોઈને કૉન્ફ્યૂશિયસ ભડકયા અને તેમણે સુધારાનો ઝંડો ફરકાવ્યો."

તેમના જીવનકાળમાં કૉન્ફ્યૂશિયસનું કામ એટલી બધી કદર પામ્યું નહોતું. પરંતુ ઈ. સ. પૂર્વે ૪૭૯માં તેમના મરણ પછી થોડા જ કાળમાં, ચીની પ્રજાએ તેમને 'પરિપૂર્ણ, પ્રતાપી, પુણ્યશ્લોક' એવાં ગૌરવશાળી વિશેષણો આપ્યાં, તથા ચીની બાદશાહોએ તેમનું સન્માન અને ગૌરવ કર્યું. ચીનના આ લોકપ્રિય મહાત્મા ચીની પ્રજાના રાષ્ટ્રપિતા સમાન છે. ચીનની પ્રાચીન સંસ્કૃતિને સમજીને તેમણે ચીનનો અમર આત્મા ઘડ્યો છે. આજ અઢી હજાર વર્ષ બાદ પણ, તેમના દેશભાઈઓનાં હૃદયમાં તે અમર છે. અને તેઓ એક અવાજે કહે છે કે, કૉન્ફ્યૂશિયસ તો થયા તે થયા; તેમના જેવો બીજો કોઈ થયો નથી ને થશેય નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજશિક્ષણને લગતાં કેટલાંક પુસ્તકો

સ્વરાજ એટલે શું	મગનભાઈ દેસાઈ	૦–૭–૦
આપણા દેશમાં આપણું રાજ્ય	,,	૦–૭–૦
આપણું પરમ યંત્ર	,,	૦–૬–૦
પ્રાચીન શીલકથાઓ	ગોપાળદાસ પટેલ	૦–૭–૦
વેર અને બદલો	,,	૦–૭–૦
વેર અને અવિચાર	,,	૦–૬–૦
નીતિ અને ધર્મ	,,	૦–૬–૦
બોધક ટીકડીઓ	મુકુલભાઈ કલાર્થી	૦–૧૨–૦
શીલ અને સદાચાર	,,	૦–૬–૦
મોટાં માણસોનાં મન	,,	૦–૯–૦
પચાસ પ્રેરક પ્રસંગો	,,	૦–૧૦–૦
ચીન દેશનાં કથાનકો	,,	૦–૧૦–૦
ભક્તરાજ	,,	૧–૦–૦
જાણવા જેવી વાતો	,,	૦–૬–૦
સંત-સમાગમ	,,	૦–૬–૦
જીવન અને મરણ	,,	૦–૬–૦
માનવજીવનનું ઝવેરાત	,,	૦–૬–૦

પ્રાપ્તિસ્થાન

નવજીવન કાર્યાલય

અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar